**પેજ નં.૧૧**

**સોગંદ આપ્યા.....**

**સામા.નં.૪ ઈમરાનભાઈ ઈબ્રાહીમભાઈ પઠાણની આંક-૨૧ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એલ.જી. સોનગ્રા**

(૧) મારે કરીયાણાની દુકાન છે. આ દુકાન પર મારા પિતા અને હું બંન્ને બેસીએ છીએ. મારા માતા ઘરકામ કરે છે. એ વાત ખરી નથી કે મારી પત્નિ ગૃહઉધોગનો ધંધો કરે છે. એ વાત ખરી છે કે અરજદારના બીજા લગ્ન સામાવાળા નં. ૧ સાથે અમારા સમાજના રીતરીવાજ મુજબ થયેલા. એ વાત ખરી છે કે અરજદાર તથા સામાવાળા નં. ૧ ના બીજા લગ્ન અમારા બંન્નેના કુટુંબી તથા સગા સંબંધીઓની હાજરીમાં ભાવનગરના વાળુકડ મુકામે થયેલા. એ વાત ખરી છે કે અરજદારને પ્રથમ લગ્નથી પુત્ર થયેલ હતો. એ વાત ખરી છે કે અરજદાર અને સામાવાળા નં . ૧ ના બીજા લગ્ન સમયે અરજદારના પ્રથમ લગ્નનો પુત્ર રીયાન હાજર હતો. મને એ વાતની ખબર નથી કે અરજદાર અને સામાવાળા નં. ૧ ના બીજા લગ્ન સમયે અરજદારના પ્રથમ લગ્નના પુત્ર રીયાનની જવાબદારી આ કામના સામાવાળા નં. ૧ના એ સ્વીકારેલી. એ વાત ખરી છે કે લગ્ન કરીને અરજદાર તથા તેમનો પ્રથમ લગ્નનો પુત્ર રીયાન અમારા સંયુકત કુટુંબમાં રહેવા આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે દિવસ સાથે રહેલા પછી સામાવાળા નં.૧ના અલગ મકાનમાં જતા રહેલા. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૧ ના નામે મકાન આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાના નામે છે. એ વાત ખરી છે કે અમારા ઘરે મારી બહેન તહેવારે આંટો ખાવા આવતી હતી. એ વાત ખરી નથી કે અરજદારને તે સમયે મારા બહેન મેણાટોણા મારતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા બહેન મારા ઘરે રહેવા આવતા હતા.

સવાલ :- તમારા માતા પિતા તથા તમારું તેમજ ઈકબાલભાઈનું ઘર બાજુ બાજુમાં આવેલ છે?

જવાબ :- ના, ઈકબાલભાઈ ૫૦૦ મીટર દુર રહેતા હતા.

એ વાત ખરી નથી કે અરજદારના બીજા લગ્ન સમયે અરજદાર પોતાના પહેલા લગ્નનો કરીયાવર તથા બીજા લગ્ન સમયે અરજદારના પિતાએ આપેલ કરીયાવર લઈને સામાવાળા નં. ૧ ના સાથે રહેવા આવેલા. એ વાત ખરી નથી કે આ તમામ કરીયાવરનો સામાન સામાવાળા નં. ૧ પાસે પડેલ છે.

સવાલ :- તમે આ કરીયાવરનો સામાન અરજદારને પરત કરેલ નથી?

જવાબ :- અરજદાર કોઈ કરીયાવર લઈને આવેલ જ નથી તો પરત કયાંથી કરીએ.

એ વાત ખરી નથી કે અરજદાર તથા અમો તમામ સામાવાળા સંયુકત કુટુંબમાં રહેતા હતા. એ વાત ખરી નથી કે સામાવાળાઓએ અરજદારને તથા તેમના પુત્રને શારીરીક માનસિક ત્રાસ આપેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ થી ૬ના એ સામાવાળા નં. ૧ ને ચડામણી કરી અરજદાર સાથે ઝઘડો કરી અવારનવાર મારઝુડ કરેલ છે. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ થી ૬ નાએ અરજદારને હેરાન પરેશાન કરેલ છે. એ વાત ખરી છે કે રુબીનાબેન બંન્ને હાથે અપંગ છે. એ વાત ખરી છે કે રુબીનાબેન બે હાથે અપંગ છે તેની અમારા બંન્ને કુટુંબને લગ્ન સમયે જાણ હતી. એ વાત ખરી છે કે રુબીનાબેન કાંઈ કામકાજ કરી શકતા નથી. એ વાત ખરી છે કે રુબીનાબેન કંઈ કમાતા નથી. એ વાત ખરી છે કે રુબીનાબેનને કાઢી મુકયા બાદ તેડવા માટેના કોઈ પ્રયત્ન કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કાઢી મુકયા છે કે નહીં તેની જ ખબર નથી તો તેડવા કેવી રીતે જઈએ. ઈકબાલભાઈ તેનું જે મકાન છે ત્યાં રહે છે. એ વાત ખરી નથી કે હું ઈકબાલભાઈના ઘરે આવ જા કરું છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું મારા ઘરે અને તે તેના ઘરે.

સવાલ :- તમો સામાવાળાઓએ અરજદાર બંન્ને હાથે અપંગ હોવાથી કામકાજ કરતા ન હોય તેથી

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

અરજદાર રસોઈ સારી બનાવતા નથી અને કામકાજ કરતા નથી તેવું નાની નાની બાબતોમાં મેણાટોણા મારી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા?

જવાબ :– ખોટી વાત છે.

એ વાતની મને જાણ નથી કે અરજદારની તથા તેના પુત્રની ખાધાખોરાકીની કોઈ વ્યવસ્થા અમો સામાવાળાઓએ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમે સામાવાળાઓ આખા કુટુંબે ભેગા મળીને અરજદારને મારઝુડ કરીને કાઢી મુકેલા.

સવાલ :– તે સમયે રુબીનાબેને ૧૮૧ પર ફોન કરીને તમારા ઘરે પોલીસની ગાડી પણ બોલાવેલી?

જવાબ :– ઈકબાલભાઈના ઘરે આવી હોય તો તેની મને ખબર નથી અને અમારા ઘરે આવી નથી.

એ વાત ખરી નથી કે ૧૮૧ની પોલીસની ગાડી આવતા અમો સામાવાળાઓએ અને અરજદારે સમાધાન કરતા અરજદાર સાસરીમાં રોકાયેલા. એ વાત ખરી છે કે મને એ વાતની ખબર નથી કે બીજા દિવસે ઈકબાલભાઈએ અરજદાર તથા તેના પુત્રને પહેરેલ કપડે મારઝુડ કરી કાઢી મુકેલા.

સવાલ :– અરજદાર અને તેના પુત્રને સામાવાળા નં. ૨ થી ૬ તેડી જવા તૈયાર છે?

જવાબ :– અલગ રહે છે તો તેના પતિને તેડવી હોય તો અમારી હા પણ નથી અને ના પણ નથી.

સવાલ :– અરજદારને રહેઠાણની કોઈ વ્યવસ્થા તમોએ કરેલ નથી?

જવાબ :– અરજદારની અલગ રહેઠાણની વ્યવસ્થા સામાવાળા નં. ૧ ની સાથે કરેલ જ છે અને અરજદાર કયારે પાછા આવતા રહયા તેની ખબર નથી અને અરજદારની પાછા આવ્યા પછી વ્યવસ્થા તેના પતિ કરે.

એ વાત ખરી છે કે અમે હળવદ મુકામે અરજદારની રહેઠાણની વ્યવસ્થા કરી આપેલ નથી. એ વાત ખરી છે કે અત્યારે રુબીનાબેન તથા તેમના પુત્ર હળવદ મુકામે રહે છે તેની જાણ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેસ થયા પછી અમને જાણ થયેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે અમો સ્થાવર જંગમ મીલ્કત ધરાવતા હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપીએ છીએ. એ વાત ખરી નથી કે હું તથા મારા પિતાશ્રી અનાજ કરીયાણાની દુકાન ચલાવી માસીક રુપીયા પચાસ હજાર કે તેથી વધુ રકમ મેળવીએ છીએ. એ વાત ખરી નથી કે હું તથા પિતાજી દુકાન ધરાવીએ છીએ અને તે ભાડે પણ આપેલી છે અને માસીક રુપીયા ચાલીસ હજાર ભાડુ આવે છે. એ વાત ખરી છે કે મારા પિતાના નામે ખેતીની જમીન છે. એ વાત ખરી છે કે મારી અને મારા પિતાની મોટર સાઈકલ અલગ અલગ ધરાવીએ છીએ. એ વાત ખરી નથી કે અમારે સંયુકત માલીકીની કાર છે. એ વાત ખરી નથી કે સામાવાળાઓએ અરજદાર અને તેના પુત્રએ માંગ્યા મુજબનું ભરણોપોષણ ચુકવવા માટે સક્ષમ છીએ.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૦૩/૦૭/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ